# ભુજમાં પ્રદૂષણ નિયંત્રણ અંગે ચર્ચા કરાઈ




ભુજ, તા.૨૮

ભુજમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને ફોકિઆ દ્વારા ઓપન હાઉસ તથા એન્વાયરોમેન્ટ ક્લિનિક અંગે બેઠક મળી હતી, જેમાં પ્રદૂષણને નિયંત્રણમાં રાખવાની સાથે ઉદ્યોગોના પ્રશ્નોના નિરાકરણ માટેની કવાયત હાથ ધરાઈ હતી. ઓપન હાઉસમાં બદલાતા ઔદ્યોગિક કાયદાઓની સમજ અપાઈ હતી. ખાસ કરીને પાણી, પ્રદૂષણ અને અન્ય વહીવટી નીતિઓ અંગેના કાયદાની સમજ આપી, તેની મંજૂરી લીધા બાદ કઈ રીતે પાલન કરાય છે તે મુદ્દે પરામર્શ કરાયો હતો. એન્વાયરોમેન્ટ ક્લિનિકમાં જીપ્સમ સંબંધિત ઔદ્યોગિક એકમોના લોકોએ પ્રદૂષણ નિયંત્રણ સંબંધિત ટેકનિકલ પ્રોબ્લેમ અંગે ચર્ચા કરી હતી.

આ તકે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના રિજનલ ઓફિસર ડો.એસ. એન. અગ્રાવત, ફોકિયાના જોઈન્ટ એમ.ડી. તલકશી નંદુ, રિદ્ધિ ચૌહાણ, જિગર મકવાણા વગેરે સહિતના લોકોએ હાજરી આપી હોવાનું જાણવા મળી રહ્યું છે.

Scanned by CamScanner